Extra No. 268

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] SATURDAY, SEPTEMBER 20, 2025 / BHADRA 29, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક/૧૮૭૭૦૫ થી ૧૮૭૭૪૩:

૧. ભારતના બંધારણના અનુચ્છેદ- ૨૪૩ (૬) ની જોગવાઇ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ માર્ગદર્શન, નિયંત્રણ રાખવાનું તથા તેના સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોની જોગવાઇ મુજબ રાજ્યની તાલુકા/જિલ્લા પંચાયતોના મતદાર મંડળોની રચના, મતદારયાદી તૈયાર કરાવવા તથા ચૂંટણી કરાવવા અંગેના અધિકાર રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૩. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વસતી ગણતરી ૨૦૧૧ ના આંકડાના આધારે જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના કુલ મતદાર મંડળો (અનામત બેઠકો સહિત) સંખ્યા નક્કી કરતાં જાહેરનામાઓ મુજબ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૧૬(૨) અને ૧૬(૩) મુજબના તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ છે.

૪. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં.કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે ત્યારબાદ જાહેરનામાં નં. કેપી-૭-એફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો-૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઇ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શકય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરી બેઠકો ફાળવણી કરશે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નં.કેપી-૨૦૧૫નો-૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા.૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ-૪, ૫, ૬, અને ૭ ના પેટા નિયમ (૩) પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

૫. સને ૨૦૧૧ ની વસતી ગણતરી આધારે વોર્ડ સીમાંકન કરતી વખતે રાજ્યમાં નવા જિલ્લા / તાલુકા બનતા અને સ્વરાજ્યના એકમોમાં ૫૦% મહિલા અનામત અંગેનો કાયદો અમલી બનતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧) ૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ ના આદેશ મુજબ નિયમોનુસાર (de novo) નવેસરથી બેઠકો ફાળવવા અને સામાન્ય ચૂંટણી માટે નિયમાનુસાર રોટેશન આદેશ કરવા અને આવુ રોટેશન ત્યારપછી બીજી વસતિ ગણતરીના આંકડાની આખરી પ્રસિદ્ધિ ન થાય ત્યાં સુધી નિયમોથી ઠરાવ્યા મુજબ કરવા આદેશ કરવામાં આવેલ છે.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩ થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૭. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વસતિ ગણતરી ૨૦૧૧ના આંકડાના આધારે જિલ્લા / તાલુકા પંચાયતોના કુલ મતદાર મંડળો (અનામત બેઠકો સહિત) સંખ્યા નક્કી કરતાં જાહેરનામાઓ આગામી ચૂંટણી માટે પ્રસિદ્ધ કરેલ છે / પ્રસિદ્ધ કરવાના થશે. તે પૈકી જે જિલ્લા / તાલુકા પંચાયતોમાં હદ ફેરફાર નથી અને રોટેશન કરવાનું છે તે માટે તથા જે જિલ્લા / તાલુકા પંચાયતોમાં હદમાં ફેરફાર કરવાના પરિણામે જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે આગામી સામાન્ય ચૂંટણી માટે નવા મતદાર મંડળોની રચના સહ રોટેશન કરવાનું થાય છે.

૮. પંચાયત વિભાગના જાહેરનામા તા.૧૦-૫-૨૦૧૦માં ઉલ્લેખ નિયમ-૪ ની થયેલ જોગવાઈનો અમલ કરવા માટે જે જિલ્લા / તાલુકા પંચાયતો માટે હદમાં ફેરફાર નથી અને રોટેશન કરવાનું છે તથા જે જિલ્લા / તાલુકા પંચાયતો માટે જ્યાં હદમાં ફેરફાર થયેલ હોય તેવી પંચાયતો માટે મતદાર મંડળ રચના સહ રોટેશન કરવાનું થાય છે. આમ, આગામી સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરવા આદેશ કરે છે.

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના થશે નહીં)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં (સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) નિયમાનુસાર બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર

મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપવી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:51:48 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar